# આનંદપુરા સ્મૃતિપર્વ

શ્રી ડાહ્યાભાઇ આણંદપુરા જી.આઇ.ડી.સી વસાહતની પ્રથમ શાળા શ્રી ગટ્ટુ વિદ્યાલયના સંસ્થાપક છે. જેમણે  શાળામાં વિદ્યાર્થીઓના સર્વાગિણ વિકાસ માટે શિક્ષકોને તાલીમ આપી સજજ કર્યા,સાથે સાથે તેમના વાલીઓમાં પણ શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવા અનેક કાર્યો કર્યા.તેમણે જીવન પર્યત વાલી વિદ્યાર્થીના ઉત્કર્ષ માટે અનેક સફળ પ્રયોગો કર્યા. આથી જ તેમની જન્મજયંતિ ૨૦ જાન્યુઆરી આણંદપુરા સ્મૃતિપર્વ તરીકે ઉજવવામાં આવે છે.આ દિવસે શાળામાં ભણતા વિદ્યાર્થીઓના વાલી માટે અનેક સ્પધાનું આયોજન કરવામાં આવે છે. વાલીઓ ઉત્સાહથી ભાગ લઇ પોતાની કળા અને જ્ઞાનના અજવાળા પાથરે છે અને વિજેતા બને છે. આમ સ્મૃતિપર્વ સાચા અર્થમાં “વાલી મહોત્સવ ” બની રહે છે અને વાલી પોતાનો વ્યકિતગત વિકાસ સાધી બાળકના શિક્ષણમાં મદદ રૂપ બને છે. વિજેતા વાલીને સ્મૃતિભેટ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવે છે.